# કાશ્મીર ભારતનો અખંડ ભાગ

## જમ્મુ-કાશ્મીર ઓમર અબ્દુલ્લાની પેતૃક સંપત્તિ નથી : સંઘ



નવી દિલ્હી, તા. ૨૮

કલમ ૩૭૦ના મુદ્દે ફરી એકવાર જોરદાર હોબાળો મચી ગયો છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યંત્રી ઓમર અબ્દુલ્લાની પ્રતિક્રિયા બાદ આનો આકરો જવાબ આપતા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે (આરએસએસ) કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર ભારતનો અખંડ હિસ્સો છે. ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરને પોતાની પેત્રુક સંપત્તિ સમજી રહ્યા છે. કલમ ૩૭૦ રહે કે ન રહે જમ્મુ-કાશ્મીર ભારતનો હિસ્સો રહેશે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેતા રામમાધવે આ મુજબની વાત કરી હતી. આરએસએસના પ્રવક્તા રામ માધવે કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર હમેશા ભારતનો એક અખંડ ભાગ તરીકે છે. અગાઉ ઉધમપુરમાંથી જીત મેળવીને પ્રથમ વખત લોકસભામાં પહોંચેલા જીતેન્દ્રસિંહે કહ્યું હતું કે, મોદી સરકાર જમ્મુ-કાશ્મીર માટે કલમ ૩૭૦ની નાબુદી માટે અને મેરીટ ઉપર ચર્ચા કરવા તૈયાર છે. રાજ્યમાં સમાજના દરેક વર્ગ સાથે કામ કરવામાં આવશે. બીજી બાજુ જીતેન્દ્રસિંહે આ પ્રતિક્રિયા આપી દીધા બાદ હોબાળો મચતા તેઓએ તેમની પ્રતિક્રિયા પાછી ખેંચી લીધી હતી. જીતેન્દ્રસિંહે કલમ ૩૭૦ અંગે મોડેથી પ્રશ્નોને ટાળ્યા હતા.

જીતેન્દ્રસિંહના નિવેદનથી ઓમર અબ્દુલ્લા પણ નાખુશ દેખાયા હતા. કેન્દ્રીય પ્રધાન જીતેન્દ્રસિંહે વિવાદ બાદ આજે સંબંધિત પ્રશ્નોના જવાબ ટાળી દીધા હતા. જોકે સંઘ દ્વારા તેમનો બચાવ કરવામાં આવ્યો હતો. જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને લઈને ભૂતકાળમાં પણ હોબાળો થઈ ચુક્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ચુંટણી પ્રચાર દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ચર્ચા છેડી દીધી હતી. મોદીએ કહ્યું હતું કે, કલમ ૩૭૦ ઉપર ચર્ચા થઈ શકે છે. જીતેન્દ્રસિંહે કહ્યું છે કે, આ મામલે ગંભીરતા પૂર્વક આગળ વધી શકાય છે. મોદી સરકાર કલમ ૩૭૦ની નાબુદી મુદ્દે સંબંધિતો સાથે વાતચીત શરૂ કરી ચુકી છે. મોડેથી જીતેન્દ્રસિંહે કહ્યું હતું કે, મીડિયા દ્વારા તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા છે. અબ્દુલ્લાના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા સિંહે કહ્યું હતું કે, ૨૬મી મે બાદથી સારા દિવસો આવી ચુક્યા છે. ભૂતકાળમાં કલમ ૩૭૦ને લઈને રાજકીય ખેંચતાણ થઈ ચુકી છે.



## સ્મૃતિ ઈરાની સામે પ્રશ્નો કરવા કોંગ્રેસને હક નથી

નવી દિલ્હી, તા. ૨૮

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાનીના શિક્ષણને લઈને પણ હોબાળો મચી ગયો છે. સ્મૃતિ ઈરાની કેટલું ભણેલા છે તેને લઈને પ્રશ્નો ઉભા થયા બાદ ભાજપે આનો જોરદાર બચાવ કર્યો છે. સ્મૃતિ ઈરાનીના બચાવમાં ઉતરીને ભાજપના નેતાઓએ કોંગ્રેસને વળતો પ્રશ્ન કર્યો છે. સોનિયા ગાંધી ૧૦મું પાસ નથી તેવા પ્રશ્ન વળતા ભાજપે કર્યા છે. કોંગ્રેસના નેતા મીમ અફઝલે સ્મૃતિની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, જેનું શિક્ષણ ઓછું છે તેમને શિક્ષણમંત્રી બનાવવામાં આવી રહ્યા છે તે ઘણા બધા પ્રશ્નો ઉઠાવે છે. બીજી બાજુ કોંગ્રેસની ઝાટકણી કાઢતા નવા ટેક્સટાઈલ પ્રધાન સંતોષ ગંગવારે કહ્યું



છે કે, સોનિયા ગાંધીની શૈક્ષણિક લાયકાત કેટલી છે તે અંગે અમે પ્રશ્નો કરતા નથી. કોંગ્રેસના નેતાઓએ તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં પક્ષને મળેલી હારમાંથી બોધપાઠ લઈને ાગળ વધવુ જોઈએ. આત્મમંથન કરવાના બદલે વધારે વિવાદમાં ન પડવાની સલાહ આપવામાં આવી છે. ભાજપના નેતા ઉમા બારતીએ કહ્યું છે કે તેમની લાયકાત કેટલી છે તે અંગે તેઓ સોનિયા ગાંધીને પ્રશ્ન કરવા માંગે છે. કારણ કે સોનિયા ગાંધી યુપીએ સરકારનુ પ્રતિનિધીત્વ કરી રહ્યા હતા. સોનિયા ગાંધી બહારથી સરકારને માર્ગદર્શન આપી રહ્યા હતા. સોનિયા ગાંધી કેટલી લાયકાત ધરાવે છે તે અંગે તેઓ માહિતી મેળવવા ઈચ્છુક છે. કોંગ્રેસે પહેલા સોનિયા ગાંધીની વાત કરવી જોઈએ અને ત્યારબાદ સ્મૃતિ ઈરાનીની લાયકાત અંગે પ્રશ્નો પૂછવા જોઈએ. બીજી બાજુ પત્રકારમાંથી કાર્યકર બનેલા મધુ કિસ્વરે અજય માર્કંડના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, કોંગ્રેસના નેતાને નવા માનવ સંશાધન વિકાસ મંત્રીની લાયકાત અંગે પ્રશ્ન પૂછવાનો કોઈ અધિકાર નથી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ધોરણ-૧૦ પાસ નથી. માનવ સંશાધન પ્રધાન સ્મૃતિ ઈરાનીની શૈક્ષણિક લાયકાતને લઈને શરૂ થયેલી ખેંચતાણનો દોર વધી રહ્યો છે. આમાં નવો વિવાદ ખોટી માહિતી આપવાનો છે.ચુંટણી માટે આપવામાં આવેલા એફિડેવીટમાં ખોટી માહિતી અપાઈ છે.

## પર્સનલ સ્ટાફમાં સંબંધીની નિમણૂંક નહીં કરવા સૂચના : નરેન્દ્ર મોદી

### રાજ્યોની પ્રગતિ ઉપર ભારતની પ્રગતિ આધારિત હોવાથી રાજ્યોની રજૂઆત તરફ ધ્યાનની જરૂર

નવી દિલ્હી, તા. ૨૮

ભારતના નવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના પ્રધાનો અને અધિકારીઓને જવાબદારી સંભાળતાની સાથે જ ગુરુ મંત્ર આપી દીધો છે. ખર્ચમાં કાપ મુકી ટેકનીક વધારવાની સ્પષ્ટ સલાહ મોદીએ પોતાના તમામ લોકોને આપી દીધી છે. મંગળવારના દિવસે પ્રથમ કેબિનેટની બેઠકમાં પણ મોદીએ પોતાના પ્રધાનોને કહ્યું હતું કે, બંગલાઓ અને ઓફિસો ઉપર વધારે ખર્ચ કરવામાં ન આવે. આજે વડાપ્રધાને પીએમઓના અધિકારીઓની બેઠક બોલાવી હતી અને પોતાની કચેરીની વ્યવસ્થાને સમજી હતી. લોકોની સમસ્યાઓને વહેલી તકે ઉકેલ લાવવા મોદીએ સૂચના આપી હતી. પીએમ ઓફિસ તરફથી જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મોદીએ આધુનિક ટેકનોલોજી ઉપર ભાર મુક્યો છે. એવી વ્યવસ્થા અને પ્રક્રિયા ઉભી કરવા માટે કહ્યું છે જેના કારણે સમસ્યાઓનો ઉકેલ વહેલી તકે આવે.સાથે-સાથે ચાંપતી નજર પણ રાખી શકાય. રાજ્યોના વિકાસને પ્રાથમિક્તા આપવાની વાત પણ



તેમણે કરી છે. નરેન્દ્ર મોદીએ પોતે દાખલો બેસાડીને નવા પ્રધાનોને ગુજરાત મોડલની સલાહ આપી દીધી છે. મોદીએ પર્સનલ સ્ટાફ તરીકે તેમના સગા-સંબંધીઓની નિમણૂંક ન કરવા અંગત બાબતો, જાહેર ફરીયાદ નિવારણને પેન્શન વિભાગને સૂચના આપી છે. વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ મોદીએ કેટલાક દસ્તાવેજો ઉપર હસ્તાક્ષર કર્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, પર્સનલ સ્ટાફની નિમણૂંક કરતીવેળા ચોક્કસ નિયમો પાડવામાં આવે તે જરૂરી છે. મોદીએ અધિકારીઓને આદેશ કર્યો છે કે જનતા દરબાર લગાવવાની જરૂર છે અને લોકોની ફરીયાદ સાંભળવામાં આવે તે જરૂરી છે. ફરીયાદોને સાંભળવા અને આ સમસ્યાઓનો નિકાલ લાવવા દિવસ અને સમય નક્કી કરવામાં આવે તે જરૂરી છે.પ્રધાનો માટે કેટલાક આદેશો જારી કરવામાં આવ્યા છે જેમાં જણાવાયું છે કે, અંગત સ્ટાફની નિમણૂંક કરવામાં ન આવે.

પ્રથમ વખત એવું બની રહ્યું છે કે કોઈ વડાપ્રધાને આ પ્રકારની સૂચના આપી છે. અગાઉ ઘણા બધા પ્રધાનો નીતીનિયમોનો ભંગ કરીને તેમના સગાસંબંધીઓને ઓફિસમાં રાખતા હતા. ભૂતપૂર્વ રેલવે મંત્રી પવનકુમાર બંસલનો આ દાખલો રહેલો છે. બંસલે તેમના જ ઓએસડી તરીકે તેમના જમાઈ વિતુલકુમારની નિમણૂંક કરી હતી. જ્યારે રાહુલ ભંડારી તેમના પર્સનલ સેક્રેટરી તરીકે રહ્યા હતા. જ્યારે તેમના ભત્રીજા વિજય સિંઘલાની પણ નિમણૂંક કરી હતી. પીએમઓના અધિકારીએ કહ્યું છે કે, રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવતા મુદ્દાઓને પ્રાથમિક્તાના આધારે હાથ ધરવામાં આવશે. તેમને ગંભીરતા પૂર્વક લેવામાં આવશે. મોદીએ પીએમઓના અધિકારીઓ સાથે બેઠક દરમિયાન કહ્યુંહતુંકે, રાજ્યોની પ્રગતિ ઉપર ભારતની પ્રગતિ આધારીત છે જેથી તમામ બાબતો ગંભીરતાથી આગળ વધારવાની જરૂર છે. પીએમઓના અધિકારીઓ સાથે તેમની પ્રથમ બેઠક મોદીએ કરી હતી. મોદીએ પીએમઓની કામગિરીની ચકાસણી કરી હતી.

## બજેટ સત્ર પહેલા કેબિનેટનું વિસ્તરણ થાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિનામાં પ્રથમ કેબિનેટ વિસ્તરણની કવાયત હાથ ધરે તેવી શક્યતા છે. બજેટ સત્ર પહેલા મોદી પ્રધાનમંડળનુ વિસ્તરણ કરવામાં આવનાર છે. મોદી ચોક્કસ ખાતાઓની કામગીરીને વધારે અસરકારક બનાવવા માટે વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે. સંરક્ષણ, કાયદા અને ન્યાય તેમજ પર્યાવરણને વધુ અસરકારક બનાવવાની મોદી યોજના ધરાવે છે. આ તમામ ખાતા ઉપયોગી છે. આ તમામ ખાતામાં સંપૂર્ણ ધ્યાન આપવાની જરૂર છે. હાલમાં આ ખાતાઓ ચોક્કસ પ્રધાનોને વધારાના ખાતા તરીકે આપવામાં આવ્યા છે. નાણાં પ્રધાન અરૂણ જટેલી, રવિશંકર પ્રસાદ અને પ્રકાશ જાવડેકરને હાલમાં વધારાની જવાબદારી સોંપવામાં આવેલી છે. જેટલીએ ગઈકાલે જ કહ્યું હતું કે તેમના પર સંરક્ષણની વધારાની જવાબદારી છે. આ જવાબદારીમાંથી તેમને ટુંક સમયમાં જ મુક્ત કરવામાં આવશે. સંરક્ષણની સંપૂર્ણ જવાબદારી કોઈ અન્યને ટુંક સમયમાં સોંપવામાં આવનાર છે. કેન્દ્રિય કેબિનેટના સંપૂર્ણ વિસ્તરણ ન થાય ત્યાં સુધી વેકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે હાલમાં કેટલાક પ્રધાનોને વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. જુલાઈના પ્રથમ સપ્તાહ પહેલા કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે. મોદી સરકારે સોમવારે ૪૫ પ્રધાનો સાથે શપથ લીધા હતા. મોદીની કેબિનેટમાં ૨૩ કેબિનેટ સ્તરના પ્રધાનો છે. પ્રધાનમંડળનુ કદ હાલમાં નાનુ રાખવામાં આવ્યું છે. કેટલાક ખાતાને કલબ કરી દેવામાં આવ્યા છે.

## સમાચાર ઝલક

- મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેનને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે.
- વચેટિયા દલાલોનાં પાપે શાકભાજી કિંમત કરતાં ૫૦ ટકા વધુ મોંઘી થાય છે.
- કચ્છમાં ગરમીએ તોડ્યો બે વર્ષનો રેકોર્ડ, ત્રાહિમામ પોકારતા લોકો.
- રાજયમાં વાતાવરણમાં પલટો, સાવરકુંડલા, સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ સાથે વાવાઝોડું.
- કુડોલ ગામે અનુસૂચિત જાતિનાં વરરાજાના વરઘોડા પર ૨૦૦ જેટલા માણસોએ પથ્થરમારો પોલીસને ઇજા.
- અખબારી સ્વાતંત્ર્ય કોઇ પ્રતિબિંધ નહીં મુકાય : પ્રકાશ જાવડેકર.
- રશિયાના કામચેટ્રસ્કા સ્થિત શેવલપમાં જવાળામુખી ફાટયો, ૧૦ કિલોમીટર ઊંચાઇ સુધી રાખ ફેલાઇ.
- ‘મનરેગા’ યોજના નવું રૂપ ધારણ કરશે.
- અમદાવાદમાં કોર્ટમાં આરોપીઓએ વકીલને ચપ્પુ બતાવી મારવાની ધમકી ઉચ્ચારી.
- ગુજરાતી થાળીને કબજે કરતી પંજાબી થાળી.
- શાબાશ... એવરેસ્ટની ટોચ સર કરવાની હિંમત ચીનની મહિલા પર્વતારોહકે દાખવી.
- દેશનું ૭૫ ટકા મીઠું ગુજરાતમાં ઉત્પાદિત થાય છે, વિશ્વમાં ભારત ત્રીજા સ્થાને.
- ચૂંટણીના પરિણામો બાદ ૬ માસ સુધી શેરબજાર નરમ રહે છે, ઇન્વેસ્ટરો સાવધાન.
- એસ.ટી.ડ્રાઇવર-કંડકટરો ને નવો ગણવેશ અપાશે.
- શાળા પ્રવેશોત્સવના પ્રચાર માટે રીક્ષા ભાડા પેટે રૂા.૫૦ લાખની જોગવાઇ.
- ઝી મીડિયા સમૂહ દ્વારા હિન્દી ચેનલ ‘ઝિંદગી’ શરૂ કરાઇ.
- કફોડી પરિસ્થિતિમાં રહેલા ખેડૂતોની સ્થિતિ સુધારાશે : કૃષિ પ્રધાન રાધામોહન.
- હળવદ પંથકમાં ભાવ નહીં મળતાં તરબૂચ-પપૈયાં રોડ પર ફેંકી દેતા ખેડૂતો.
- આગામી દિવસો રીયલ એસ્ટેટની ખરીદી માટે ‘અચ્છે દિન.’
- નરેન્દ્રભાઇ મોદી તમને બધાનો પ્રેમ મળે, સત્યનું બળ મળે અને આ બળનું ફળ દેશ-વિદેશને મળે : પૂ. મોરારિ બાપુ.

## સેન્સેક્સ સાત પોઈન્ટ સુધરી ૨૪૫૫૬ની સપાટીએ રહ્યો

મુંબઈ, તા.૨૮

શેરબજારમાં આજે ફ્લેટ સ્થિતિ રહી હતી. ઉદાસીન કારોબાર રહ્યો હતો. એફઆઈઆઈ દ્વારા છેલ્લા ચાર કારોબારી સેશનમાં ભારતીય ઈક્વિટીમાં વેચાણ કરવામાં આવી રહ્યું છે. આજે કારોબારના અંતે સેન્સેક્સમાં ૭ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૭ પોઈન્ટ સુધરીને ૨૪૫૫૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૧ પોઈન્ટ સુધરીને ૭૩૩૦ની સપાટીએ રહ્યો હતો. અગાઉ દિવસમાં બજારમાં હકારાત્મક માહોલ જોવા મળ્યો હતો. દરમિયાન બ્રોડર માર્કેટમાં જોરદાર લેવાલી જામી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૬ ટકા અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. સેક્ટરલ મોરચે આઈટી અને રિયાલિટી ઈન્ડેક્સમાં એક-એક ટકાનો સુધારો રહ્યો હતો. બીજી બાજુ મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઓટોમાં ૦.૭-૧.૬ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજી ઈનડેક્સમાં ફ્લેટ સ્થિતિ જોવા મળી હતી. બીજી બાજુ બેંકીંગ અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૬ ટકા અને ૦.૪ ટકાનો સુધારો રહ્યો હતો. આઈટીની મહાકાય કંપની ટીસીએસ, ઈન્ફોસીસ અને વિપ્રોમાં ક્રમશઃ ૧-૧.૫ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં યથાવત સ્થિતિ રહી હતી. કોલ ઈન્ડીયા, ઓએનજીસી, એમએન્ડએમ, ગેલ ઈન્ડિયા, એનટીપીસી, તાતા મોટર્સમાં ૧.૭-૩.૩ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે મંદીનું મોજું રહ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ગઈકાલે ૧૬૭ પોઈન્ટ ઘટીને ૨૪૫૫૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૧ પોઈન્ટ ઘટીને ૭૩૧૮ની સપાટી પર રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ટ્રાડે દરમિયાન ૨૪૪૨૨ અને ૭૨૭૫ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે ભારે ઉથલપાથલ બજારમાં જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૪થી ૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૬૫૨ શેરમાં મંદી અને ૧૨૯૬ શેરમાં તેજી રહી હતી.

## માર્ગ અકસ્માત : એક પરિવારના નવના મોત

દિલ્હીના મુરાદાબાદ નેશનલ હાઈવે પર આજે વહેલી પરોઢે ચાર વાગ્યે પીલખુઆ નજીક કાર અને ટ્રક અથડાઈ જતાં ઓછામાં ઓછા ૯ લોકોના મોત થયા હતા અને અન્ય ૫ ઘાયલ થયા હતા. માર્ગ દુર્ઘટનામાં દિલ્હીના એક જ પરિવારના ૯ લોકોના મોતથી ભારે ખળભળાટ મચી ગયો હતો. તમામ લોકો કારમાં મુસાફરી કરી રહ્યા હતા. વહેલી પરોઢે તેમની કાર હાઈવે પર ઉભેલી એક ટ્રકમાં ઘુસી ગઈ હતી. મૃતકોમાં તમામની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં ૫૬ વર્ષીય મુકેશ, તેમના ૫૦ વર્ષીય પત્નિ ગીતા, ૨૪ વર્ષીય પુત્રી પ્રિયંકા, ૧૫ વર્ષીય પુત્ર ચાહત અને ૨૨ વર્ષીય રિંકીનું મોત થયું હતું. મૃતકોમાં ૩૫ વર્ષી હરબીર, ૨૫ વર્ષીય તેમના પત્નિ શીલા, ૭ વર્ષી પુત્રી લવી, ૮ વર્ષીય પુત્રી ચંચલનો સમાવેશ થાય છે. આ બન્ને પરિવાર એક જ હોવાનું જાણવા મળ્યું છે.

## ફ્રેન્ચ ઓપન : વોઝનિયાકી અને લીના હારતા અપસેટ

પેરિસ,તા. ૨૮

રોલેન્ડ ગેરોસ ખાતે રમાઇ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં હવે અપસેટ સર્જાવવાનો દોર શરૂ થઇ ગયો છે. મહિલાઓના વર્ગમાં બે ટોચની સ્ટાર હારી જતા મોટો અપસેટ સર્જાયો છે. પ્રેમના મામલે નિષ્ફળ રહેલી વોજનિયાકી કોર્ટ પર પણ ફલોપ રહી હતી. તે હારી જતા અપસેટ સર્જાયો હતો. લિના પણ હારી ગઇ હતી. સ્ટાર ગોલ્ફર રોરી મોકલોરી સાથે તેના પ્રેમ સંબંધોનો અંત આવ્યા બાદ પ્રથ વખત કોર્ટમાં ઉતરેલી વોઝનિયાકી હારી ગઇ હતી. તેની નૈતિક તાકાત અગાઉ જેવી દેખાતી ન હતી. ૨૩ વર્ષીય વોઝનિયાકીના ત્રણ વર્ષ સુધી ગોલ્ફર સાથે સંબંધ રહ્યા હતા. ગયા સપ્તાહમાં તેમની વચ્ચે પ્રેમ સંબંધોનો અંત આવ્યો હતો. આ બ્રેક અપના કારણે તેના ફોર્મ પર સીધી અસર થઇ છે. આ પખવાડિયામાં તે પીજીએ ટુરમાં જીતી ગઇ હતી. પૂર્વ નંબર વન ખેલાડી વોઝનિયાકી ચિલ્લી કોર્ટ નંબર બે ફર બેલ્જિયમની યાનિના વિકમેયર સામે ૭-૬, ૪-૬ અને ૬-૨થી હારી ગઇ હતી. મ્યુનિચમાં અગાઉ આ બન્ને ખેલાડી સામ સામે આવી હતી. વર્ષ ૨૦૦૭માં પ્રવેશ કર્યા બાદથી પેરિસમાં વોઝનિયાકીની શરૂઆતી રાઉન્ડમાં સૌથી મોટી હાર છે. તે વહેલી તકે બ્રેક અપમાંથી બહારલ નિકળવાની ઈચ્છા ધરાવે છે. જો કે તે બહાર આવી શકી નથી.અન્ય મેચમાં ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન ચીનની લીના પણ પ્રથમ રાઉન્ડમાં હારી ગઈ છે. ફ્રાન્સની ક્રિસ્ટીના સામે તેની ૭-૫, ૩-૬ એન ૬-૧થી હારી ગઈ હતી. વર્લ્ડ નંબર ૧૦૩ ક્રિસ્ટીના વર્ષ ૨૦૦૯માં પેરિસમાં જુનિયરમાં ચેમ્પિયન બની હતી. પુરૂષોના વર્ગમાં બ્રિટીશ નંબર વન ખેલાડી એન્ડી મરેની ગોલુવેબ પર ૬-૧, ૬-૪ અને ૬-૩થી જીત થઈ હતી.

## કમલનાથ પ્રોટેમ સ્પીકર તરીકેની ભૂમિકામાં હશે

નવી દિલ્હી, તા. ૨૮

સંસદીય બાબતોના ભૂતપૂર્વ પ્રધાન અને કોંગ્રેસના વરીષ્ઠ નેતા કમલનાથ નવી લોકસભામાં પ્રોટેમ સ્પીકર તરીકેની ભૂમિકામાં રહેશે. સંસદીય બાબતોના



પ્રધાન એમ વૈંકેયા નાયડુએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સરકારે કમલનાથની નિમણૂંકના સંદર્ભમાં માહિતી આપી દીધી છે. લોકસભાના સૌથી સિનીયર સભ્ય તરીકે કમલનાથ રહ્યા છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી બાદ કમલનાથ સૌથી સિનીયર સભ્ય તરીકે છે. નાયડુએ કહ્યું હતું કે, પ્રોટેમ્સ સ્પીકર અધ્યક્ષની નિમણૂંક કરવામાં ન આવે ત્યાં સુધી લોકસભાની બેઠકની શરૂઆતથી અધ્યક્ષની ભૂમિકા અદા કરે છે. છેલ્લી સરકારમાં શહેરી વિકાસ અને સંસદીય બાબતોના પ્રધાન રહી ચુકેલા કમલનાથ મધ્યપ્રદેશના છિંદવાડા બેઠક પરથી નવમી વખત હાલમાં ચુંટાઈ આવ્યા હતા. કોંગ્રેસ વર્તુળોમાં કમલનાથના નામ ઉપર ચર્ચા ચાલી રહી હતી.

## વારાણસીના ઘાટને નવા ઓપ અપાવવા ૧૮ કરોડ મંજૂર

નવી દિલ્હી,તા. ૨૮

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર આવી ગયા બાદ હવે ઐતિહાસિક શહેર વારાણસીને નવા રૂપમાં સજાવી દેવાના પ્રયાસ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટૅણી દરમિયાન પ્રચાર વેળા લોકોને ખાતરી આપી હતી કે શરૂઆતી દિવસોમાં જ વારાણસીને વિશ્વસ્તરના એક શહેર તરીકે વિકસિત કરવામાં આવશે. વારાણસીના ચહેરાને બદલવા માટે કવાયત પણ શરૂ થઇ ગઇ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ વારાણસીના ઘાટને વધુ વ્યવસ્થિત કરવા માટે ૧૮ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવી ચુક્યા



છે. નવા પ્રવાસ અને સાસ્કૃતિક પ્રધાન શ્રીપદ નાયકે જાહેરાત કહી છે કતે તેઓ વડાપ્રધાન મોદી સાથે પવિત્ર શહેર માટેની યોજના પર ચર્ચા કરશે. વર્ષ ૨૦૧૨માં પ્રવાસ મંત્રાલય દ્વારા જુદા જુદા ઘાટ, બિલ્ડ જેટીસ માટે ૧૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. કરાબ જાહેરાતોને દુર કરવા અને અને અન્ય તકલીફોને દુર કરવા માટે આ રકમ મંજૂર કરવામાં આવી હતી. બે વર્ષનો સમય પસાર થઈ ગયો હોવા છતાં એક રૂપિયો પણ ખર્ચ કરવામાં આવ્યો નથી. નદી ગંગા અને વારાણસી માટે કોઈ યોજના છે કે કેમ તે અંગે પુછવામાં આવતા નવા પ્રધાને કહ્યું હતું કે વારાણસીને એક ટ્યુરિસ્ટ સિટી તરીકે વિકસિત કરવામાં આવશે. આના માટેની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીએ વારાણસીમાંથી ચૂંટણી લડી હતી.

લોકસભાની ચૂંટૅણીમાં મોદી વારાણસીમાંથી શાનદાર રીતે જીતી ગયા હતા. તેમની સામે અરવિન્દ કેજરીવાલ મેદાનમાં હતા.અગાઉની એનડીએ સરકારમાં પણ નાયક પ્રવાસ પ્રધાન તરીકે હતા. હવે ફરી એકવાર મોટી જવાબદારી સંભાળી રહ્યા છે. મોદીએ પ્રચાર દરમિયાન અનેક વચન આપ્યા બાદ લોકો મોદી પાસેથી ઝડપી કામગીરીની આશા રાખી રહ્યા છે. મોદી ઝડપથી નિર્ણય લેવા માટે જાણીતા રહ્યા છે.